પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫૧ | ૫ માર્ચ, ૨૦૨૩, રવિવાર; ફાગણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હોળી ભેટ : ડીએપી ખાતરમાં કેન્દ્રની સબસીડી

## ડીએપી ખાતર અડધાથી ઓછા ભાવે મળશે : આ ડીએપી ખાતરની કિંમત ૬૦૦ રુપિયા હશે, જેમાં ૫૦૦ ગ્રામ ડીએપી ખાતરનું પ્રવાહી ઉપલબ્ધ થઈ શકશે

નવી દિલ્હી, તા.૪

મોદી સરકારે ખેડુતોને હોળી ભેટ આપી છે. કેન્દ્ર સરકાર ખેડુતોના ખર્ચને ઘટાડવા માટેની વિશેષ યોજના બનાવી રહી છે. જેમા સરકાર હવે ડીએપી ખાતરમાં સબસીડી આપવા જઈ રહી છે. ઘણા લાંબા સમયથી સરકાર આ દિશામાં કામ કરી રહી હતી જેમા સરકારને આમા સફળતા મળી છે. સરકારે ઈફકો દ્વારા તૈયાર કરવામાં આવેલ નેનો ડીએપી લોન્ચ કરવામા આવી છે.

કેન્દ્ર સરકારે ખેડુતોને ખેતી માટે તેમના ખર્ચ ઓછો આવે તે હેતુથી ડીએપી ખાતર તૈયાર કર્યુ છે. હવે સરકારની આ યોજનાથી ખાતર પર નોંધપાત્ર રકમ ખર્ચવી પડશે. એટલે કે કેન્દ્ર સરકાર તેના પર મોટી સબસીડી




આપવાની છે. જો કે એક માહિતી મુજબ સરકાર આ બાબતે લાંબા સમયથી આવા ખાતરો વિકસાવવા માટે પ્રયાસ કરી રહી હતી. જેથી હવે ખેડુતો અને સરકાર બન્નેના ખર્ચમાં ઘટાડો થશે.

કૃષિ મંત્રાલય દ્વારા નેનો ડીએપી ખાતર લોન્ચ કરવામાં આવ્યુ છે. જેનાથી તેની કિંમત ડીએપી ખાતરની બોરીની હાલના ભાવથી અડધા કરતા પણ ઓછી થઈ જશે. લિક્વિડ નેનો ડીએપી સહકારી ક્ષેત્રની ઈફકો કંપની દ્વારા વિકસાવવામાં આવી છે. આ અંગે કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ વધુ માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ભારતને આત્મનિર્ભર બનાવવાની એક મોટી સિદ્ધી પ્રાપ્ત થઈ છે.

ઈફકો દ્વારા તૈયાર કરવામાં આવેલ આ ડીએપી ખાતરની કિંમત ૬૦૦ રુપિયા હશે. જેમા ૫૦૦ ગ્રામ ડીએપી ખાતરનુ પ્રવાહી ઉપલબ્ધ થઈ શકશે. આ ખાતર એક બોરી જેટલુ કામ કરશે. હાલમાં ડીએપી ખાતરની બોરીની કિંમત ૧૩૫૦ છે. એટલે તેની સરખામણીએ આ ખાતર અડધા ભાવમાં પડશે. જેનો ખેડુતોને સીધો ફાયદો થશે.

# ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનશે : પીએમ નરેન્દ્ર મોદી

## આ વર્ષનું બજેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને નવી વૃદ્ધિ ઉર્જા આપશે અને દેશની વિકાસ પ્રક્રિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ હંમેશા મહત્વનો આધારસ્તંભ છે

નવી દિલ્હી, તા.૪

પીએમ નરેન્દ્ર મોદી છેલ્લા કેટલાક દિવસોથી પોસ્ટ બજેટ વેબિનારને સંબોધિત કરી રહ્યા છે. આજે પીએમએ 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્વેસ્ટમેન્ટ' પરના બજેટ વેબિનારને પણ સંબોધિત કર્યું. આ સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું હતું કે ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનશે. પીએમએ પોતાના સંબોધનમાં કહ્યું કે આ વર્ષનું બજેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને નવી વૃદ્ધિ ઉર્જા આપવા જઈ રહ્યું છે અને દેશની વિકાસ પ્રક્રિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ હંમેશા મહત્વનો આધારસ્તંભ રહ્યો છે.

પીએમએ પોતાના સંબોધનમાં કહ્યું કે ઈન્ફ્રા ડેવલપમેન્ટ અર્થતંત્રનું પ્રેરક બળ છે અને ભારત આ માર્ગ પર ચાલીને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનવાનું લક્ષ્ય હાંસલ કરશે. પીએમએ કહ્યું કે આ વર્ષનું બજેટ દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરને નવી ઊંચાઈઓ પર લઈ જશે. પીએમએ કહ્યું કે દેશમાં પહેલા દાયકાઓ સુધી એક વિચાર હતો કે ગરીબી એ એક વલણ છે અને આ જૂની સરકારોની વિચારસરણી હતી. આ વિચારસરણીને કારણે સરકારોએ દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કર્યું નથી. પીએમએ કહ્યું કે અમારી સરકારે દેશને આ વિચારમાંથી બહાર કાઢ્યો છે અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રેકોર્ડ રોકાણ કર્યું છે. પીએમે તેમના સંબોધનમાં કહ્યું કે આજે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું સરેરાશ વાર્ષિક બાંધકામ ૨૦૧૪ની સરખામણીમાં બમણું થઈ ગયું છે. પીએમએ કહ્યું કે ૨૦૧૪ પહેલા દર વર્ષે ૬૦૦ રૂટ કિમી રેલ્વે લાઈનનું વિદ્યુતીકરણ થતું હતું અને આજે આ આંકડો ૪૦૦૦ રૂટ કિમી થઈ ગયો છે.

# ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, ઉજ્જૈનમાં વરસાદની શક્યતા

## હોળીના દિવસે પણ વરસાદી છાંટા પડવાની શક્યતા, વરસાદનો સમય ચાર-પાંચ દિવસ સુધી રહી શકે છે

ભોપાલ, તા.૪

વર્તમાન સમયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે બનેલુ છે. હવામાન વૈજ્ઞાનિક અનુસાર આ હવામાન પ્રણાલી આગળ વધવા સાથે જ શનિવારથી મધ્ય પ્રદેશમાં હવામાનના મિજાજમાં પરિવર્તન થવા જઈ રહ્યુ છે. મધ્ય પ્રદેશમાં શનિવારથી ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, નર્મદાપુરમ, ઉજ્જૈનમાં વરસાદ શરૂ થવાની શક્યતા છે. હોળીના દિવસે પણ વરસાદી છાંટા પડવાની શક્યતા છે. શુક્રવારે મધ્ય પ્રદેશમાં સૌથી વધારે ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજગઢમાં નોંધાયુ. હવામાન વિજ્ઞાન કેન્દ્રના પૂર્વ વરિષ્ઠ વૈજ્ઞાનિકે જણાવ્યુ કે વર્તમાન સમયે અફઘાનિસ્તાનની આસપાસ એક પશ્ચિમી વિક્ષોભ બનેલુ છે. પવનની દિશા હજુ પણ પૂર્વ તરફ છે. પવન સાથે આવી રહેલી ભીનાશના કારણે મધ્યમ સ્તરના વાદળ છવાઈ રહ્યા છે. પશ્ચિમી વિક્ષોભની અસરથી શનિવારથી હવાઓની દિશા પૂર્વ-પશ્ચિમ તરફ થશે. રવિવાર, સોમવારથી જબલપુર, સાગર, રીવા વિભાગના જિલ્લાઓમાં વરસાદી છાંટા પડશે. વરસાદનો સમય રોકાઈ-રોકાઈને ચાર-પાંચ દિવસ સુધી રહી શકે છે. આ દરમિયાન દિવસના તાપમાનમાં ઘટાડો થશે.

# મનીષ સિસોદિયાના રિમાન્ડ વધુ બે દિવસ લંબાવાયા

## લિકર પોલીસી કેસમાં પાંચ દિવસનાં કસ્ટડી પૂરા થયા : આ મામલે ૧૦મી માર્ચે સુનાવણી થશે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટ સિસોદિયાની જામીન અરજી પર નિર્ણય આપ્યો

નવી દિલ્હી, તા.૪

દારૂ કૌભાંડમાં ધરપકડ કરાયેલા મનીષ સિસોદિયાની ૫ દિવસની સીબીઆઈ કસ્ટડી આજે પૂરી થઈ હતી અને આજે તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટ સિસોદિયાની જામીન અરજી પર આજે નિર્ણય આપ્યો હતો. દિલ્હીના રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાને બે દિવસના સીબીઆઈ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. હવે પછી આ મામલે ૧૦મી માર્ચે સુનાવણી થશે.

રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાના સીબીઆઈ રિમાન્ડ વધુ બે દિવસ લંબાવ્યા છે. સીબીઆઈએ કોર્ટને મનીષ સિસોદિયાના વધુ ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર દિલ્હીના બાળકોને અશિક્ષિત રાખવા માંગે છે. તે દિલ્હીના લોકોને બીમાર રાખવા માંગે છે. આ જ કારણ છે કે દિલ્હી વિસ્તારમાં ક્રાંતિકારી કામ કરી રહેલા સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન અને શિક્ષણ મંત્રી મનીષ સિસોદિયાને જેલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે જણાવ્યુ હતું કે આમ આદમી પાર્ટી કેન્દ્ર સરકારથી ડરતી નથી અને અમે તેનો વિરોધ કરશે. આ મામલે પ્રદર્શન પણ ચાલુ રાખવામાં આવશે.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરની ફરિયાદ પર સીબીઆઈ દ્વારા દિલ્હી એક્સાઈઝ પોલિસીને લઈને કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં મનીષ સિસોદિયા સહિત કુલ ૧૫ લોકોના નામ હતા.

FESTIVE SEASON OF HOLI BEGINS WITH
KAAVYARATNA™ GROUP
Crafting Landmarks
Ekarth™
SUCCESS IN VISION

DISCOVER THE COLORS OF LUXURY
WITH GIFT CITY'S TALLEST 35-STOREYED TOWER




This Tallest Tower of GIFT City offers
an exquisite lifestyle that one can ever
dream about. From state-of-the-art
amenities to location advantage to
best-in-class built quality, experience
a posh lifestyle with Kaavyaratna's REVA

PAY JUST 10%
remaining after 36 months*

rèva
BY KAAVYARATNA | EKARTH
1 | 2 | 2.5 | 3 | 4.5 BHK

Plot No. 46 B & C, Block no.46, Gujarat International Finance Tec-City, Gandhinagar, Gujarat 382355
lifeatreva.com | 90999 61448, 90999 61878

PR/GJ/Gandhinagar/Gandhinagar/Gift urban Development Authority/ MN140AA10040/300722 • gujrera.gujarat.gov.in